# Daily Current Affairs

# કરંટ અફેર

## જુલાઇ - ૨૦૨૩




એપ Download કરવા અહિયા ક્લિક કરો

# અજીત અગરકરની ટીમ ઈન્ડિયાના ચીફ સિલેક્ટર તરીકે નિયુક્તિ

• BCCI એ જાહેરાત કરી કે, પૂર્વ ફાસ્ટ બોલર અજીત અગરકરને ભારતીય ક્રિકેટ ટીમના નવા ચીફ સિલેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. અશોક મલ્હોત્રાની અધ્યક્ષતાવાળી ક્રિકેટ સલાહકાર સમિતિ (CAC) ત્રણ સભ્યોએ સર્વાનુમતે અજીત અગરકરના નામને મંજૂરી આપી દીધી છે.
• અગરકરે 26 ટેસ્ટ અને ચાર T20 ઈન્ટરનેશનલ ઉપરાંત 191 ODI રમી છે. તે 1999, 2003 અને 2007 ODI વર્લ્ડ કપમાં ભારતીય ટીમનો હિસ્સો હતા. અગરકર હવે ચેતન શર્માનો અનુગામી બનશે. ચેતન શર્માએ ફેબ્રુઆરીમાં રાજીનામું આપ્યું ત્યારથી ચીફ સિલેક્ટરનું સ્થાન ખાલી હતુ.
• BCCIની સિનિયર ટીમની સિલેક્શન પેનલમાં શિવ સુંદર દાસ, સલિલ અંકોલા, સુબ્રોતો બેનર્જી અને એસ.શરથ સામેલ છે. હવે અગરકર પાંચમા સભ્ય તરીકે પેનલમાં સામેલ થઇ ગયો છે. અગરકર પેનલમાં સૌથી સિનિયર હોવાથી તેને ચીફ સિલેક્ટરની જગ્યા મળી છે.

# સહકારી સંસ્થા સંચાલિત દેશની પહેલી સૈનિક સ્કૂલનું ખાતમુહૂર્ત

• કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ગુજરાતના મહેસાણામાં દૂધસાગર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસોસિએશન દ્વારા સંચાલિત શ્રી મોતીભાઈ આર. ચૌધરી સાગર સૈનિક સ્કૂલનો વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા શિલાન્યાસ કર્યો હતો.
• મહેસાણા જિલ્લાના બોરિયાવી ગામમાં બનનારી સૈનિક સ્કૂલનું સંચાલન દૂધ સાગર ડેરીની એજન્સી દૂધ સાગર રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ એસોસીએશન દ્વારા કરવામાં આવશે. આમ આ સ્કૂલ સહકારી સંસ્થા દ્વારા સંચાલિત દેશની પહેલી સૈનિક સ્કૂલ બનશે. મોતીભાઈ ચૌધરી સાગર સૈનિક સ્કૂલ 75 કરોડના ખર્ચે અને 11 એકર જમીનમાં નિર્માણ કાર્ય કરવામાં આવશે. ભારત સરકાર રક્ષા મંત્રાલય દ્વારા 2 ઓગસ્ટ 2022ના રોજ સૈનિક સ્કુલ માટે પરવાનગી આપવામાં આવી હતી.

# તુષાર મહેતાની સોલિસિટર જનરલ તરીકે ફરીથી નિયુક્તિ

• તુષાર મહેતાને ફરી ત્રણ વર્ષના સમયગાળા માટે ભારતના સોલિસિટર જનરલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તુષાર મહેતાને 10 ઓક્ટોબર, 2018 ના રોજ સોલિસિટર જનરલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને ત્યારથી તેમને બે વખત એક્સટેન્શન આપવામાં આવ્યું છે.
• તુષાર મહેતા ઉપરાંત, છ એડિશનલ સોલિસિટર જનરલને પણ ત્રણ વર્ષના સમયગાળા માટે સુપ્રીમ કોર્ટ માટે પુનઃનિયુક્ત કરવામાં આવ્યા છે, વિક્રમજીત બેનર્જી, કે.એમ. નટરાજ, બલબીર સિંહ, એસવી રાજુ, એન વેંકટરામન અને ઐશ્વર્યા ભાટીને વધારાના સોલિસિટર જનરલ (SSG) તરીકે ફરીથી નિયુક્ત કરવામાં આવ્યા છે.
• કેબિનેટની નિમણૂક સમિતિ (ACC)ની રચના 26 જાન્યુઆરી, 1950ના રોજ કરવામાં આવી હતી. ACC ના કેન્દ્રીય મંત્રી અમિત શાહ છે તથા નરેન્દ્ર મોદી ACC ના પ્રમુખ છે.
• સોલિસિટર જનરલ દેશના બીજા સર્વોચ્ચ કાયદા અધિકારી છે.

# દેશભરની તમામ પંચાયતોમાં 15 ઓગસ્ટથી UPIથી લેવડદેવડ ફરજિયાત બનશે

સરકારી નોકરીની તૈયારી માટે – Currentadda.com ની મુલાકાત લો CLICK HERE
Whatsapp Group મા જોડાવા અહિયા કલિક કરો CLICK HERE
Download Our Apps Click Here

• દેશભરની તમામ પંચાયતો આ સ્વતંત્રતા દિવસ પછી તમામ વિકાસ કાર્યો અને આવકની વસૂલાત માટે ફરજિયાતપણે ડિજિટલ પેમેન્ટનો ઉપયોગ કરશે અને 15 ઓગસ્ટથી તમામ પંચાયતોને UPI-સક્ષમ જાહેર કરાશે. પંચાયત રાજ મંત્રાલયે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પાઠવેલા પત્રમાં જણાવ્યું છે કે રાજ્યોએ મુખ્યપ્રધાનો, સાંસદો અને ધારાસભ્યો જેવા અગ્રણી મહાનુભાવોની હાજરીમાં UPI-સક્ષમ પંચાયતોની જાહેરાત અને ઉદ્ઘાટન કરવાનું રહેશે.
• આશરે 98 ટકા પંચાયતોએ UPI આધારિત પેમેન્ટનો ઉપયોગ શરૂ કરી દીધો છે. આશરે રૂ.1.5 લાખ કરોડની ચૂકવણી પબ્લિક ફાઇનાન્શિયલ મેનેજમેન્ટ સિસ્ટમ (PMFS) દ્વારા થઈ છે.
• મંત્રાલયની ગાઇડલાઇન અનુસાર પંચાયતોએ 15 જુલાઇ સુધી યોગ્ય સર્વિસ પ્રોવાઇડર્સ પસંદ કરવાના રહેશે અને 30 જુલાઇ સુધી વેન્ડર્સ નક્કી કરવાના રહેશે. UPI પ્લેટફોર્મ, જીપે, ફોનપે, પેટીએમ, ભીમ, મોબિક્વિક, વ્હોટ્સએપ પે, એમેઝોન પે અને ભારત પેના સંબંધિત વ્યક્તિઓની વિગતો સાથેની યાદી મંત્રાલયે આપી છે. રીયલ ટાઇમ ધોરણે ટ્રાન્ઝેક્શનની દેખરેખ માટે કેન્દ્રીય ડેશબોર્ડ બનાવવામાં આવશે
• પબ્લિક ફાઇનાન્શિયલ મેનેજમેન્ટ સિસ્ટમ (PFMS) એ સરકારી વ્યવહારોની ચુકવણી, એકાઉન્ટિંગ અને સમાધાન માટે વેબ-આધારિત એપ્લિકેશન છે અને વિવિધ હાલની એકલ સિસ્ટમોને એકીકૃત કરે છે.

# સરકારે WTOમાં ભારતના રાજદૂત તરીકે બ્રજેન્દ્ર નવનીતનો કાર્યકાળ 9 મહિના લંબાવ્યો

• Ngozi Okonjo-Iweala WTO ના સાતમા ડિરેક્ટર-જનરલ છે. તેમણે 1 માર્ચ 2021 ના રોજ પદ સંભાળ્યું, ડાયરેક્ટર-જનરલ તરીકે સેવા આપનાર પ્રથમ મહિલા અને પ્રથમ આફ્રિકન બન્યા. તેમનો કાર્યકાળ 31 ઓગસ્ટ 2025 ના રોજ સમાપ્ત થશે.

# ભારત 6G એલાયન્સ (B6GA)

• ટેલિકોમ મંત્રી અશ્વિની વૈષ્ણવે 6Gને લઈને ભારત 6G એલાયન્સ (B6GA) નામનું એક નવું જોડાણ શરૂ કર્યું છે. જેનો હેતુ નેક્સ્ટ જનરેશન વાયરલેસ ટેક્નોલોજીમાં નવીનતા અને સહયોગ વધારવાનો છે. ભારત 6G એલાયન્સ' (B6GA) એ સ્થાનિક ઉદ્યોગો, શૈક્ષણિક સંસ્થાઓ, રાષ્ટ્રીય સંશોધન સંસ્થાઓ અને સરકાર દ્વારા સમર્થિત માનક સંસ્થાઓનું ગઠબંધન છે. B6GA તેના કામની રૂપરેખા 6G વિઝન ડોક્યુમેન્ટ અને આગળના વિકાસ અનુસાર તૈયાર કરશે.
• Bharat6G એલાયન્સ આગામી દાયકામાં ઉભરતી ટેલિકોમ ટેક્નોલોજી અને પ્લેટફોર્મના વિવિધ પાસાઓ પર વિચાર-વિમર્શ કરશે અને 2030 સુધીમાં ભારતને 6G ટેક્નોલોજી અને મેન્યુફેક્ચરિંગમાં ફ્રન્ટ લાઇન યોગદાનકર્તા બનવા સક્ષમ બનાવશે.

# ભારત-મ્યાનમાર-થાઈલેન્ડ ત્રિપક્ષીય હાઈવેનું કામ 70 ટકા પૂર્ણ

• કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીના અનુસાર ભારત-મ્યાનમાર-થાઈલેન્ડ ત્રિપક્ષીય હાઈવે પર લગભગ 70 ટકા બાંધકામ પૂર્ણ થઈ ગયું છે. ભારત, થાઈલેન્ડ અને મ્યાનમાર લગભગ 1,360 કિલોમીટરના હાઈવે બનાવવાની પ્રક્રિયામાં છે. ભારત-થાઇલેન્ડ-મ્યાનમાર હાઇવે દેશને જમીન દ્વારા દક્ષિણ-પૂર્વ એશિયા સાથે જોડશે અને ત્રણેય દેશો વચ્ચે વેપાર, આરોગ્ય, શિક્ષણ અને પ્રવાસન સંબંધોને વેગ આપશે. આ હાઈવે ભારતના મણિપુરના મોરેહને મ્યાનમાર થઈને થાઈલેન્ડના મે સોટ સાથે જોડશે.
• તાજેતરમાં કોલકાતામાં BIMSTEC દેશોની કોન્ફરન્સમાં મ્યાનમાર અને થાઈલેન્ડના મંત્રીઓએ દાવો કર્યો હતો કે આ ત્રિપક્ષીય રોડ પ્રોજેક્ટનું કામ 2027 સુધીમાં પૂર્ણ થઈ જશે.
• આ ત્રિ-દેશી હાઇવે કોલકાતાથી શરૂ થશે અને ઉત્તરમાં સિલિગુડી જશે. અહીંથી તે શ્રીરામપુર બોર્ડર થઈને કૂચબિહાર થઈને આસામમાં પ્રવેશ કરશે. ત્યારબાદ તે દીમાપુરથી નાગાલેન્ડમાં પ્રવેશ કરશે અને મણિપુરમાં ઇમ્ફાલ નજીક મોરેહથી મ્યાનમારમાં પ્રવેશ કરશે. તે છેલ્લે મ્યાનમારના મંડલે, નાયપિદાવ, બાગો, યાંગોન અને મ્યાવાડ્ડી શહેરો થઈને મે સોટ થઈને થાઈલેન્ડમાં પ્રવેશ કરશે.

સરકારી નોકરીની તૈયારી માટે – Currentadda.com ની મુલાકાત લો CLICK HERE
Whatsapp Group મા જોડાવા અહિયા કલિક કરો CLICK HERE
Download Our Apps Click Here

# ગુરુ જેવા ગ્રહની શોધ

• પૃથ્વીથી 520 પ્રકાશ-વર્ષના અંતરે સ્થિત ગુરુ જેવા ગ્રહની શોધ થઈ છે. આ ગેસ ગ્રહ 8 UMi b તરીકે ઓળખાય છે અને 2015માં કોરિયન ખગોળશાસ્ત્રીઓ દ્વારા તેની પ્રારંભિક શોધ પછી તેનું નામ હલ્લા રાખવામાં આવ્યું હતું. હલ્લા, એક પવિત્ર સ્થળ તરીકે ગણવામાં આવે છે, તે દક્ષિણ કોરિયામાં સૌથી ઊંચો પર્વત છે. એક્ઝોપ્લેનેટ આપણા સૂર્ય કરતાં મોટા એવા બેકડુ(Baekdu) નામના વિશાળ તારાની પરિક્રમા કરે છે, જે ઉર્સા માઇનોર અથવા “લિટલ બેર” નક્ષત્રમાં સ્થિત છે.

# ઓલિમ્પિયન માના પટેલે મહિલાઓની 100 મીટર બેકસ્ટ્રોક ઈવેન્ટમાં રેકોર્ડ તોડ્યો.

• હૈદરાબાદમાં 76મી સીનિયર નેશનલ એક્વેટિક ચેમ્પિયનશિપમાં ચાર રાષ્ટ્રીય રેકોર્ડ સ્થપાયા હતા, જેમાં ગુજરાતના બે સ્વિમરો માના પટેલ અને આર્યન નેહરા ઝળક્યા હતા. ટોક્યો ઓલિમ્પિકમાં ભાગ લેનાર એકમાત્ર મહિલા સ્વિમર માનાએ 100 મીટર બેકસ્ટ્રોકમાં 1:03:48નો નવો રાષ્ટ્રીય રેકોર્ડ સ્થાપ્યો હતો અને પોતાનો જ અગાઉનો 1:04:33નો રેકોર્ડ તોડ્યો હતો.
• ગુજરાતના સ્વિમર આર્યન નેહરાએ એશિયન ગેમ્સ અને વર્લ્ડ ચેમ્પિયનશિપ્સમાં મેન્સ 800 અને 1,500 મીટર ફ્રીસ્ટાઈલમાં પોતાનું સ્થાન પાક્કું કર્યા બાદ અત્રે નેશનલ ઈવેન્ટમાં 400 મીટર ફ્રી સ્ટાઈલમાં ગોલ્ડ જીતવાની સાથે નવો રેકોર્ડ સર્જ્યો હતો.
• આર્યને 3:52:55ના શ્રેષ્ઠ સમય સાથે રેસ જીતી હતી અને અગાઉનો રેકોર્ડ ધારક દિલ્હીનો સ્વિમર કુશાગ્ર રાવત (3:55:45) બીજા સ્થાને રહ્યો હતો. કર્ણાટકની નિનાએ 50 મીટર બટરફ્લાયમાં બે વખત નેશનલ રેકોર્ડ તોડતાં 28:01 અને બાદમાં 27:74નો રેકોર્ડ સ્થાપ્યો હતો. લીનેશા એકેએ મહિલાઓની 200 મીટર બ્રેસ્ટસ્ટ્રોક ઈવેન્ટમાં 2:37.35નો નવો રેકોર્ડ પણ બનાવ્યો હતો.


| હાલમાં ચાલતી વિવિધ સરકારી યોજના અને ભરતી વીશે માહિતી | | |
|---|---|---|
| ૧૦ પાસ માટે પોલીસ હવલદાર ભરતી | ૨૧/૦૭/૨૦૨૩ | અહીયા ક્લિક કરો |
| વન્યપ્રાણી મિત્રની ભરતી | ૦૮/૦૭/૨૦૨૩ | અહીયા ક્લિક કરો |
| GSRTC પાલનપુર ભરતી | ૧૨/૦૭/૨૦૨૩ | અહીયા ક્લિક કરો |
| નગરપાલીકા ભરતી | ૧૫/૦૭/૨૦૨૩ | અહીયા ક્લિક કરો |

સરકારી નોકરીની તૈયારી માટે – Currentadda.com ની મુલાકાત લો CLICK HERE
Whatsapp Group મા જોડાવા અહિયા કલિક કરો CLICK HERE
Download Our Apps Click Here

## Compititive પરીક્ષાની સંપુર્ણ તૈયારી માટે અમારા વિવિધ એપ્સ

NCERT GCERT Government books 4.7 ★

Gujarat Forest Guard Exam 2022 3.7 ★

Gujarati Vyakaran (Grammar) An 4.1 ★

Talati And Bin sachivalay Quiz 4.6 ★

Current Adda - Daily Current A 4.7 ★

GPSC GSSSB Gujarati GK Quiz ₹230.00

BookWise GSEB NCERT MCQ Books

English Grammar in Gujarati

કોઇપણ એપના ICON પર કલિક કરશો તો એ એપ Download કરવા માટે પ્લેસ્ટોર ખુલી જશે

## અમારી સાથે જોડાવ

જો તમે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરો છો તો અમારી સાથે ખાસ જોડાજો

@CurrentAdda

@CurrentAddaa

Follow કરવા માટે જે-તે આઇકન પર કલિક કરો

@CurrentAddaa

+ 91 8000212153